ONLY FOR EDUCATIONAL PURPOSE AND PRIVATE CIRCULATION



# દીવાદાંડી



લવાજમ વિનાનું નિયતકાલીન માસિક

વર્ષ : ૩
વર્ષ અંક : ૩
સળંગ અંક : ૧૫
માર્ચ : ૨૦૧૨

**સંપાદક**
મનીષ સુથાર
મદદનીશ શિક્ષક
શ્રી સમાદરા પ્રા.શાળા
તા.જિ:ખેડા
પિન.૩૮૭૧૨૦

**આ અંકના સૌજન્યદાતા**
શ્રી રસિકભાઈ અમીન
શ્રી મોટા આસરાણા
કેન્દ્રવર્તી પ્રા. શાળા,
તા.મહુવા, જિ : ભાવનગર
મો.9824587941



'કવિ સુન્દરમ્'
( જન્મ : ૨૩.૩.૧૯૦૮ ,મૃત્યું : ૧૩.૧.૧૯૯૧)

## ੦ સાંકળિયું ੦


(૧) મારી વાત.......................૨

(૨) આટલો સંદેશો................૩

(૩) ગણિત શિક્ષણ ................૫

(૪) સામાજિક વિજ્ઞાન ...........૮

(૫) સાંસ્કૃતિક કાર્યક્રમ............૯

(૬) સાહિત્ય વંદના ..............૧૧

(૭) મહત્વના દિવસો.............૧૨


## ੦ શિક્ષકોને/વાચકોને ੦

੦ પ્રાથમિક શિક્ષકોને ઉપયોગી,પ્રેરણાદાયી બને તેવા મૌલિક,અનુભવજન્ય,અભ્યાસપૂર્ણ ટૂંકા લેખો,માહીતિ, સમાચાર કે વિશેષતા આવકાર્ય છે.

੦ અસ્વિકૃત લેખો કે કૃતિઓ પરત મોકલવામાં આવતી નથી.

੦ જે તે લેખ કે વિચારો અંગેની જવાબદારી જે તે લેખકની રહેશે.

੦ જે તે લેખકના લેખો,વિચારો સાથે સંપાદક કે સલાહકાર મંડળ સંમત છે તેમ માનવું નહી.

੦ આ સામયિક શૈક્ષણિક હેતુ માટે જ છે.

੦ આપના પ્રતિભાવો અને સૂચનો હંમેશા આવકાર્ય રહેશે.

## ੦ મારી વાત...੦

**● મનીષ સુથાર**

સુજ્ઞ સારસ્વત મિત્રો,

સાદર વંદન.'દીવાદાંડી'ના **માર્ચ : ૨૦૧૨** અંકના માધ્યમથી આપ સૌને મળતાં હર્ષની લાગણી અનુભવું છું.

શિક્ષણના અધિકારની અમલવારી પછી પ્રાથમિક શિક્ષણ ક્ષેત્રે આવનાર સંભવિત પરિવર્તનોની માહિતી ટૂંકમાં આ અંકના માધ્યમથી આપના સુધી પહોંચાડવાનો પ્રયત્ન કર્યો છે.તો ગણિત અને સામાજિક વિજ્ઞાન વિષયની પદ્ધતિઓની ક્રમશઃ રજૂઆત પણ કરી છે. ખેડા તાલુકાના સાંખેજ સી.આ.સી. કેન્દ્રમાં ઉજવાયેલ સાંસ્કૃતિક કાર્યક્રમની ઝલક પણ રજૂ કરી છે.સાહિત્ય વંદના કોલમમાં સાહિત્યના પ્રકારોની ક્રમશઃ રજૂઆત પણ કરી છે.ફેબ્રુઆરી માસમાં આવતા મહત્વના દિવસોની યાદી આપને ઉપયોગી બનશે.

આ માસના અંકમાં વિવિધતાસભર શૈક્ષણિક સંદર્ભ સાહિત્ય અને માહિતી આપની સમક્ષ મૂકી છે.આશા છે આપને ઉપયોગી બનશે.છતાં પણ આપના સૂચનો અને પ્રતિભાવ ''દીવાદાંડી''ને વધુ ગુણવત્તાસભર બનાવવામાં ઉપયોગી બનશે.

'દીવાદાંડી' માસિકના માધ્યમથી શિક્ષકોને સીધું ઉપયોગી શૈક્ષણિક સાહિત્ય આપવાનો પ્રયત્ન કરતો રહ્યો છું.'દીવાદાંડી'ની સફળતામાં આપ સૌના આશીર્વાદ અને સહયોગ સાંપડતો રહ્યો છે.અંતે આપ સૌનો ખૂબ સારો પ્રતિસાદ સાંપડી રહયો છે.એ માટે આપનો આભારી છું.

**''મા તુજે સલામ''**

# ૦ આટલો સંદેશો ૦

**૦ સંકલન : મનીષ સુથાર**

ભારતીય સંસદે પસાર કરેલ અને મહામહિમ રાષ્ટ્રપતિની બહાલી મળતાં બાળકોને મફત અને ફરજિયાત શિક્ષણના અધિકારને કાનૂની સ્વરૂપ પ્રાપ્ત થયું છે.જેને **'શિક્ષણનો અધિકાર અધિનિયમ : ૨૦૦૯'** કહેવાય છે.દરેક બાળકને પ્રાથમિક શિક્ષણ મળી રહે તે માટે સામુહિક પ્રયાસ થાય અને જે તે કક્ષાએ આ અંગેની જવાબદારીઓ પણ સુનિશ્ચિત થાય એ માટે સંસદ દ્વારા 'બાળકોને મફત અને ફરજિયાત શિક્ષણનો અધિકાર અધિનિયમ ૨૦૦૯' બનાવવામાં આવેલ છે.આ કાયદાને ટૂંકમાં **આર.ટી.ઈ.( રાઈટ ટુ એજ્યુકેશન : ૨૦૦૯ )** અથવા તો **શિક્ષણનો અધિકાર** તરીકે ઓળખવામાં આવે છે.

આ કાયદાની અમલવારી થયા બાદ હવે પછી પ્રાથમિક શિક્ષણ ક્ષેત્રે આવનાર સંભવિત પરિવર્તનોથી માહિતગાર થઈએ.

## ૦ RTE : 2009 પછી થનાર મહત્વનાં પરિવર્તનો ૦

### ➲ નીપજ :

- માત્ર વાચન,ગણન,લેખન નહીં,પરંતુ સર્વાંગી શિક્ષણ.
- દરેક સ્તરે નીપજ લાગુ પડે છે.

### ➲ પ્રક્રિયાઓ :

- દ્વિ–માર્ગી,આંતરક્રિયાયુકત
- જ્ઞાનની રચના ( સર્જન )
- દરેક સ્ટેકહોલ્ડરની સામેલગીરી

### ➲ સબંધો :

- માત્ર સૂચનાઓનું પાલન નહી,પરંતુ સમાન સ્તરની ભાગીદારી.
- જવાબદેહિતા,લાભ આપનાર હવે લાભાર્થી છે.

## o નીપજ o

**o પ્રવર્તમાન સ્થિતિ o**

- સાક્ષરી વિષયો પર વધુ ભાર.
- વાચન,લેખન,ગણન ક્ષમતા પર ભાર.
- સૂચનાનું પાલન,નિર્દેશ મુજબ કરવા પર ભાર.
- લઘુત્તમ સ્તર બધા માટે સમાન.

**o અપેક્ષિત પરિવર્તન o**

- સર્વાંગી વિકાસ ભાર.
- ઉચ્ચ સ્તરીય કૌશલ્યો વિકસાવવાં.
- શીખતાં શીખવું.
- અધિકતમ,દરેકની જરૂરીયાત મુજબ.

**➲ નીચેની બાબતો પર પ્રભાવ પડશે.**

- અભ્યાસક્રમ અને પાઠયક્રમ સામગ્રી.
- વિવિધ સ્તરે તાલીમ અને તાલીમ સામગ્રી.
- અધ્યયનનું આકલન ( મૂલ્યાંકન)
- કાર્યક્રમનું મૂલ્યાંકન

## o પ્રક્રિયાઓ o

**o પ્રવર્તમાન સ્થિતિ o**

- એકમાર્ગી,વિદ્યાર્થી નિષ્ક્રિય.
- જ્ઞાન મેળવવું.
- સમજૂતી,ગોખણપટ્ટી.
- બધા સરખી ઝડપે શીખે.
- એડવાન્ટેજડની વધુ તરફેણ.
- ભણનાર પર દોષારોપણ.(કયા સમયે શું ? તે નક્કી નથી.)
- બાળકના અનુભવ અને સ્થાનિક જ્ઞાનની અવગણના.

**o અપેક્ષિત પરિવર્તન o**

- સહભાગિતાયુકત,વિદ્યાર્થી સક્રિય.
- જ્ઞાનનું સર્જન.
- ચિંતન,ઉપયોજન.
- દરેકની જરૂરીયાત મુજબનું શિક્ષણ.
- વિશેષ કરીને વંચિતની તરફેણ.
- બાળકનો અધિકાર. (કયા સમયે શું ? તે નક્કી છે.)
- બાળકના જ્ઞાનનું મૂલ્ય.

- **પ્રક્રિયાઓમાં નીચેના ફેરફાર જરૂરી છે.**
  - સ્પષ્ટ શૈક્ષણિક (પેડાગોજીકલ) મોડેલ.
  - વિવિધ ઘટકોનું આસપાસમાં સુનિયોજીત સંકલન.
  - અપેક્ષિત પ્રક્રિયાઓ ઉજાગર કરે તેવી તાલીમ.
  - શૈક્ષણિક માર્ગદર્શન તંત્ર તેને મદદ કરે.
  - દરેક જણને શિક્ષણના અધિકાર વિશે જાણકારી.

## o સબંધો o

| o પ્રવર્તમાન સ્થિતિ o | o અપેક્ષિત પરિવર્તન o |
|---|---|
| • હોદ્દા મુજબ પદ,ઊંચ–નીચ. | • સહકારયુકત ભાગીદારી. |
| • જવાબદાર ઠેરવવામાં આવે. | • જવાબદારી દ્વિ–પક્ષી. |
| • શિસ્તબદ્ધ વાતાવરણ. | • રિસ્પોન્સીવ (સ્થિતિ અને જરૂરીયાત મુજબ ફેરફાર કરી શકાય.) |
| • ગર્ભિત / પરોક્ષ પૂર્વગ્રહ. | • સૌહાર્દયુકત અને આવકારયુકત માહોલ. |
| | • ભેદભાવ રહિત. |

- **આવા સબંધો કેવી રીતે પ્રસ્થાપિત થઈ શકે ?**
  - આયોજન,વિકાસ,અમલીકરણ,મોનિટરીંગ અને રિપોર્ટિંગ વખતે વંચિતોના હિતમાં વિચાર થાય.
  - પેડાગોજી,વર્ગખંડ વ્યવસ્થા,આયોજન.
  - તાલીમની પદ્ધતિ અને આયોજન.
  - શાળા વ્યવસ્થાપન અને સમુદાયની સામેલગીરી.
- **શિક્ષકો માટે....**
  - શિક્ષકો કૌશલ્યપૂર્ણ હશે.

- શિક્ષકો નિર્ધારિત યોગ્યતાધારી હશે.

**➲ શિક્ષકોએ નીચે મુજબનાં કાર્યો કરવાનાં રહેશે...**

- નિયમિતતા અને સમય.
- નક્કી કરેલ સમયમર્યાદામાં પાઠયક્રમ પૂરો કરવો.
- પ્રત્યેક બાળકના સ્તર અને ગતિ મુજબ જાણવું,નોંધવું અને શિક્ષણની યોજના બનાવવી.
- આવશ્યકતા અનુસાર વિશેષ વર્ગોનું આયોજન કરવું.
- વાલીઓને બાળકની નિયમિતતા અને પ્રગતિની માહિતી આપવી.
- સરકાર દ્વારા નિશ્ચિત અન્ય શૈક્ષણિક કાર્યો કરવા.
- શિક્ષકોની સમસ્યાઓનું નિશ્ચિત સમય મર્યાદામાં નિરાકરણ.
- શિક્ષકોને વસતી ગણતરી,કુદરતી આફત,ચૂંટણી સંદર્ભની કામગીરી સિવાયની કામગીરીમાંથી મુકિત.
- શિક્ષક ટયુશન કે પ્રાઈવેટ કોચિંગ કરી શકશે નહિ.

**➲ સમુદાય / વાલી / એસ.એમ.સી. માટે...**

- પ્રત્યેક વાલીની જવાબદારી રહેશે કે પોતાના બાળકનો શાળામાં પ્રવેશ કરાવે અને શાળામાં નિયમિત મોકલે.
- શાળામાં એસ.એમ.સી.ની રચના,જેમાં ૩/૪ સભ્યો બાળકોના વાલીઓ હશે.
- પછાત વર્ગના બાળકોના માતા–પિતાની તેમની સંખ્યાના અનુપાતમાં ભાગીદારી રહેશે.
- ૫૦ % મહિલાઓ હશે.
- એસ.એમ.સી. શાળાના કાર્યોની દેખરેખ રાખશે.
- પ્રાપ્ત ગ્રાન્ટનો ખર્ચ કરશે અને મોનીટરીંગ કરશે.
- એસ.એમ.સી. શાળાની વિકાસ યોજના તૈયાર કરશે.

**➲ પ્રશાસન માટે...**

- રાજય કક્ષાએ બાળકો માટે નજીકના સ્થળોમાં શાળાઓ ઉપલબ્ધ કરાવશે.

- બાળકોમાં જાતિ,લિંગ અનુસાર કોઈ ભેદભાવ ન હોય અને પ્રાથમિક શિક્ષણ પૂરું કરવામાં કોઈ બાધા ન હોય તેની જવાબદારી રાજય સરકારની રહેશે.
- ભૌતિક અને માનવીય સુવિધાઓ ઉપલબ્ધ કરાવવી.
- ગુણવત્તાયુકત પ્રાથમિક શિક્ષણ સુનિશ્ચિત કરવું.
- શિક્ષકોને પ્રશિક્ષણ સુવિધા પૂરી પાડવી.
- સ્થળાંતરીત ( MIGRATED ) બાળકોનો પ્રવેશ સુનિશ્ચિત કરવો.
- શાળાઓમાં મોનિટરીંગ કરવું.
- શૈક્ષણિક કેલેન્ડર તૈયાર કરવું.

**➲ પ્રાથમિક શિક્ષણ માટેનો અભ્યાસક્રમ અને મૂલ્યાંકન પ્રક્રિયા...**

- પાઠયક્રમ અને મૂલ્યાંકન પ્રક્રિયા સંવિધાન સંદર્ભિત મૂલ્યો પર અધારિત હોવી જોઈએ.
- બાળકોનો સર્વાંગી વિકાસ થાય.
- બાળકોમાં જ્ઞાન,અંતઃશકિત અને યોગ્યતાનું નિર્માણ થાય.
- બાળકોની માનસિક અને શારીરિક ક્ષમતાઓના વિકાસને મહત્તમ અવકાશ હોય.
- શીખવા–શીખવવાની પ્રક્રિયા બાળકને અનુરૂપ પ્રવૃત્તિ આધારિત હશે.
- શિક્ષણનું માધ્યમ માતૃભાષા આધારિત હશે.
- શાળામાં ભયમુકત વાતાવરણ હશે.જેથી બાળકો સમજી–વિચારી નિર્ણય લઈ શકે.
- શિક્ષણ પ્રક્રિયા દરમ્યાન જ સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકન ( C.C.E ) થશે.

## o ગણિત શિક્ષણની પદ્ધતિઓ o

**● ગતાંકથી ચાલુ....**

આ વિભાગમાં દર માસે ગણિત શિક્ષણની પદ્ધતિઓ પૈકી એક–એક પદ્ધતિની ક્રમશઃ સવિસ્તૃત સમજ મેળવીશું.

## ➲ સ્વાધ્યાય પદ્ધતિ ( Analytic Method )

આધુનિક શિક્ષણ પ્રક્રિયામાં શીખવવાને બદલે શીખવા પર વધુ ભાર મૂકવામાં આવે છે.બાળકને શીખવવાને બદલે શીખતો કરવાનો છે.બાળક વધુ સક્રિય બને સ્વપ્રયત્ને વધુ સ્વતંત્ર બનીને શીખે તે માટે આ પદ્ધતિ ખૂબ ઉપયોગી બની રહે છે.

### અધ્યેતા સ્વપ્રયત્ને શીખે એટલે સ્વાધ્યાય:

"જે એકમ બાળકોને શીખવવાનો છે તેને આનુષંગિક જે શૈક્ષણિક પ્રવૃત્તિ વર્ગમાં કે વર્ગ બહાર આપવામાં આવે છે તેને સ્વાધ્યાય પદ્ધતિ કહી શકાય." – **એન.એલ.બોસિંગ**

આ પદ્ધતિના કેન્દ્રમાં સ્વઅધ્યયન (self learning approach) અભિગમ રહેલો છે.સ્વાધ્યાય ઘર,શાળા કે વર્ગમાં પણ થઈ શકે.બાળકોને જૂથમાં સ્વાધ્યાયપત્ર આપીને પણ સ્વાધ્યાય કરાવી શકાય છે.વિષયવસ્તુને જ્ઞાત–અજ્ઞાત,સરળ–કઠિનતાના ક્રમે તાર્કિક રીતે ગોઠવીને આપવામાં આવે છે.શિક્ષકે માત્ર માર્ગદર્શન આપવાનું છે.

### સ્વાધ્યાયનાં લક્ષણો :

✓ વર્ગ કે વર્ગ બહાર થતી સ્વઅધ્યયનની પ્રવૃત્તિ છે.

✓ સ્વાધ્યાય શિક્ષણ પ્રક્રિયાનો ભાગ છે,ગૃહકાર્ય નથી.

✓ બાળકો સ્વયં અધ્યયન કરતાં થાય તે મૂળભૂત હેતુ છે.

### સ્વાધ્યાયનાં લક્ષણો :

✓ સ્વપ્રયત્ને જ્ઞાન મેળવવાની રૂચી જન્મે છે.

✓ સંદર્ભસાહિત્યનો ઉપયોગ કરવાની ટેવ વિકસે છે.

✓ બાળકોમાં સંઘભાવના,જવાબદારી,સહકારની ભાવના વિકસે છે.

✓ બાળકોમાં સ્વાવલંબનની ટેવ વિકસે છે.

✓ પ્રતિભાશાળી બાળકને પડકાર મળી રહે છે.

✓ મહત્તમ વિષયવસ્તુને આવરી શકાય છે.

## o સામાજિક વિજ્ઞાન શિક્ષણની પદ્ધતિઓ o

- **ગતાંકથી ચાલુ....**

### ➲ કાલ્પનિક પ્રવાસ પદ્ધતિ :

સામાજિક વિજ્ઞાન અભ્યાસક્રમમાં સમાવિષ્ટ બધાં જ દેશ–પ્રદેશના વાસ્તવિક પ્રવાસે બાળકોને લઈ જવાનું શકય હોતું નથી.આથી એ દેશ–પ્રદેશ અને ત્યાંના સ્થળોની

ભૌગોલિક,ઐતિહાસિક,સાંસ્કૃતિક માહિતી કાલ્પનિક પ્રવાસ પદ્ધતિનો ઉપયોગ કરી શિક્ષક વર્ગખંડમાં જ આપે છે.આ પદ્ધતિનું ઘણું શૈક્ષણિક મહત્વ છે અથવા તેના ઘણા લાભો છે.નીચે તેના મહત્વ / લાભને રજૂ કરતા મુદ્દાઓ સ્પષ્ટ કર્યા છે.

- ✓ બાળકોની તર્ક અને કલ્પનાશકિતનો સારો વિકાસ થઈ શકે છે.
- ✓ અધ્યાપનકાર્યમાં નાવિન્ય લાવી શકાય છે અને શિક્ષણ પ્રક્રિયા જીવંત બને છે.
- ✓ નકશાવાચન,નકશાપૂરણી અને નકશાઓનું અર્થઘટન કરવાની ક્ષમતમઓ વધે છે.
- ✓ ચિત્રો,આકૃતિઓ,ફોટોગ્રાફ્સ,આલેખ વગેરેના અર્થઘટનની ક્ષમતા વધે છે.
- ✓ જીવનમાં વાસ્તવિક પ્રવાસ કરવાનો પ્રસંગ ઉભો થાય ત્યારે તેના આયોજન માટેની કુશળતા બાળકો પ્રાપ્ત કરે છે.
- ✓ આ એક મનોવૈજ્ઞાનિક પદ્ધતિ છે.પ્રાથમિક કક્ષાના બાળકો માટે ઉપયોગી પદ્ધતિ છે.
- ✓ ઉપરનાં ધોરણોમાં પ્રાદેશિક પદ્ધતિએ શિક્ષણ આપવા માટેની ભૂમિકા તૈયાર કરે છે.
- ✓ બાળકોને પ્રવૃત્તિ મળી રહે છે,તેથી ક્રિયા દ્વારા શિક્ષણ મળે છે.
- ✓ બાળકો માટે આ પદ્ધતિ રોમાંચક અને ઉત્તેજક હોય છે.સામાજિક વિજ્ઞાન વિષયનું શિક્ષણ રસપ્રદ બને છે.બાળકોમાં નવું જાણવા,જોવાની જિજ્ઞાસા જન્મે છે.

**( વધુ આવતા અંકે...ક્રમશઃ...)**

---

## o "સહયોગને સથવારે" સાંસ્કૃતિક કાર્યક્રમ : એક ઝલક o

ખેડા તાલુકાના સાંખેજ સી.આર.સી. કેન્દ્રમાં સમાવિષ્ટ ૮ (આઠ) પ્રાથમિક શાળાઓના બાળકો અને શિક્ષકોનો "સહયોગને સથવારે" સાંસ્કૃતિક કાર્યક્રમ તારીખ : ૨૧/૨/૨૦૧૨ને મંગળવારના રોજ પ્રાથમિક શાળા વાસણાખુર્દ મુકામે યોજાઈ ગયો.જેમાં નૃત્ય,નાટક,એકપાત્રીય અભિનય,વેશભૂષા,રાસ–ગરબા,દેશભકિતગીત અને અન્ય વિવિધ સાંસ્કૃતિક અને શૈક્ષણિક કુલ ૩૪ કૃતિઓ રજૂ થઈ હતી.પ્રાથમિક શાળા કક્ષાએ જો બાળકોને યોગ્ય તક,વાતાવરણ અને માર્ગદર્શન મળે તો બાળકો શું કરી શકે ? તેની ઉત્તમ ઝલક અહીં જોવા મળી હતી.બાળકોએ આ કાર્યક્રમમાં પોતાની આવડત,શકિત અને તાકાતનાં દર્શન કરાવ્યાં હતાં.

આ કાર્યક્રમને સફળ બનાવવામાં સી.આર.સી. સાંખેજમાં સમાવિષ્ટ પ્રાથમિક શાળાઓના શિક્ષકો,બાળકો,વાસણાખુર્દ ગ્રામજનો, વાસણાખુર્દ શાળા પરિવાર વગેરેએ

ખાસ જહેમત ઉઠાવી હતી.આ કાર્યક્રમની વિશેષતા એ હતી કે આ સમગ્ર કાર્યક્રમનું આયોજન  લોકસહયોગથી કરવામાં આવ્યું હતું.આ કાર્યક્રમમાં વાસણાખુર્દ ગ્રામજનો અને સી.આર.સી. સાંખેજમાં સમાવિષ્ટ પ્રાથમિક શાળઓના શિક્ષકો તરફથી લગભગ ૬૮૦૦૦/– (અડસઠ હજાર રૂપિયા) ની માતબર રકમનું દાન મળેલ છે.આ સમગ્ર કાર્યક્રમ માટે સી.આર.સી. કો.ઓ.–સાંખેજ સેન્ટર શ્રી ઈશ્વરભાઈ ઘાંઘોરનું અયોજન અને માર્ગદર્શન મહત્વના પુરવાર થયા હતા.

આ કાર્યક્રમમાં માન.શ્રી જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી–ખેડા જિલ્લો,,તાલુકા વિકાસ અધિકારીશ્રી,મામલતદારશ્રી, બી.આર.સી.કો.ઓ. ખેડા તાલુકો,લાયઝન અધિકારીશ્રી ડાયટ–કઠલાલ,ખેડા જિલ્લા અને તાલુકા પ્રાથમિક શિ. સંઘના હોદેદારશ્રીઓ,પે.સ.આચાર્યશ્રી તમામ,મુખ્ય શિક્ષકશ્રી તમામ,એસ.એમ.સી. અધ્યક્ષશ્રીઓ,સરપંચશ્રીઓ,ગ્રામજનો વગેરેએ હાજર રહી પ્રેરણા,પ્રોત્સાહન અને શુભેચ્છાઓ પાઠવી હતી.

- ♠ ભાગ લીધેલ શાળાઓની સંખ્યા : ૮
- ♠ ભાગ લીધેલ બાળકોની સંખ્યા : ૨૭૨
- ♠ ભાગ લીધેલ શિક્ષકોની સંખ્યા : ૬
- ♠ કાર્યક્રમ નિહાળનાર બાળકોની સંખ્યા : ૯૫૦
- ♠ કાર્યક્રમ નિહાળનાર સમુદાયની સંખ્યા :  અંદાજિત (૫૦૦)
- ♠ કાર્યક્રમમાં રજૂ થયેલ  કૃતિઓની સંખ્યા :૩૪

## કાર્યક્રમની વિશેષતા :

આ કાર્યક્રમ દરમ્યાન રજૂ થયેલ કૃતિઓને શિક્ષકો,ગ્રામજનો અને અધિકારીશ્રીઓ તરફથી ૨૫૦૦૦/– રૂ. જેટલી રકમની બક્ષીસ રોકડમાં મળેલ.જે રકમ કેન્સર પીડીત બાળકોને સારવાર કરવામાં મદદરૂપ થઈ શકાય તેવા શુભાશયથી આ તમામ રકમ કેન્સર હોસ્પિટલ (સીવીલ,અમદાવાદ)ને દાન કરવામાં આવેલ છે.

## o સાહિત્ય વંદના o

o સંકલન : મનીષ સુથાર

આ કોલમમાં દર માસે સાહિત્ય પ્રકારનો પરિચય મેળવીશું.જેનાથી ગુજરાતી સાહિત્ય સ્વરૂપોની સંકલ્પના સ્પષ્ટ થશે.જે ભાષા શિક્ષણના વિવિધ એકમોના શિક્ષણકાર્ય સમયે આપને ઉપયોગી બનશે.

### ♠ મુકતક :

ટૂંકો,લગભગ ચાર પદ અને બે લીટીની ચુસ્ત મર્યાદાવાળા મુકતકનો કાવ્યપ્રકાર છેક સંસ્કૃતકાળથી ઘણો જ વિખ્યાત રહ્યો છે.ત્યાર પછી પ્રાકૃત અને અપભ્રંશના સાહિત્યમાં પણ એ ખૂબ વિકસતો રહ્યો છે.જૂની ગુજરાતીના અનેક કવિઓએ પણ એ પ્રકારને અજમાવ્યા છે અને અર્વાચીન ગુજરાતીમાં પણ ઘણા કવિઓને હાથે તેનું ખેડાણ થતું રહ્યું છે.

સંસ્કૃતના પ્રખ્યાત સુભાષિતો આવાં મુકતકો જ છે.એમાં જીવનના સારરૂપ ડહાપણ થોડા શબ્દોમાં ગૂંથાયું હોય છે.અમરુ કે ભર્તૃહરિ જેવા કવિના શૃંગારનાં અને સૌંદર્યનાં મુકતકો તેની રસસઘનતા માટે ખૂબ પ્રખ્યાત છે.ત્યાર પછી પ્રાકૃત–અપભ્રંશમાં જે મુકતકનો ફાલ ઊતર્યો તેમાંના ઘણાં મેરૂ તુંગાચાર્યના "પ્રબોધ ચિંતામણિ"માં પ્રાકૃત ગાથાઓમાં અને હેમચંદ્રાચાર્યના પ્રાકૃત વ્યાકરણમાં જળવાય છે.

મધ્યકાલીન ગુજરાતીના વચ્છરાજ,શામળ,ભીમ અને અખા જેવાની છપ્પા અને ચોપાઈની રચનાઓ પણ મુકતકનું રૂપ પ્રગટ કરે છે.આ પ્રકારના દુહારૂપ મુકતકો આપણા લોકસાહિત્યમાં પણ ખૂબ પ્રચલિત છે.

મુકતક એટલે મકત સ્વતંત્ર કાવ્યસ્વરૂપ.મોતી જેમ નાનું હોય છે અને માળામાં રહેવા સર્જાયું હોય છે છતાં તે એકલું પણ ભારે તેજસ્વી હોય છે.અને આ મુકતક પછી તે ચોપાઈમાં હોય કે દુહામાં પણ એની અંદર વિચાર કે ભાવની અખિલ અને એકાત્મક અભિવ્યકિત થતાં સ્વતંત્ર કવિતાની બરોબરી કરે છે.

### ♠ મુકતકનાં લક્ષણો :

- મુકતક સંક્ષિપ્ત હોય છે,એટલે કે ગાગરમાં સાગર સમાવા જેવું કામ કરે છે.
- એમાં દ્દષ્ટાંત,બોધ,નીતિ,શૃંગાર,પ્રેમ,ચિંતન,પ્રકૃતિ વગેરે વર્ણ્ય વિષય તરીકે આવે છે.
- મુકતકની ભાષા સરળ,પ્રાસયુકત અને ચોટદાર હોય છે.

### ♠ મુકતકનું ઉદાહરણ :

(૧) સૂકાં પર્ણો વન ગજવતાં.....
.....શાંત લીલાં સદાયે.

(૨) **<u>રાજઘાટ પર...</u>**
આટલાં ફૂલો નીચે ને આટલો લાંબો સમય,
ગાંધી કદી સૂતો નથી.

## ૦ આ માસના મહત્વના દિવસો ૦

| | |
|---|---|
| ૪ માર્ચ | રાષ્ટ્રીય સુરક્ષા દિન |
| ૮ માર્ચ | આંતરરાષ્ટ્રીય મહિલા દિન |
| ૧૧ માર્ચ | અંદામાન–નિકોબાર દિન |
| ૧૨ માર્ચ | દાંડીકૂચ દિન |
| ૧૫ માર્ચ | વિશ્વ ગ્રાહક દિન |
| ૧૮ માર્ચ | વિશ્વ વિકલાંગ  દિન (માર્ચનો ત્રીજો રવિવાર) |
| ૨૧ માર્ચ | વિશ્વ વન દિન |
| ૨૩ માર્ચ | શહીદ ભગતસિંહની પૂણ્યતિથિ |
| ૨૭ માર્ચ | વિશ્વ રંગભૂમિ  દિન |
| ૩૦ માર્ચ | રાજસ્થાન દિન |

### વર્ષ : ૨૦૧૨ રાષ્ટ્રીય ગણિત વર્ષ

દેશના મહાન ગણિતજ્ઞ શ્રીનિવાસ રામાનુજનની ૧૨૫મી જયંતી વર્ષ છે.જે ૨૨ ડિસેમ્બર ૨૦૧૧થી શરૂ થયેલ છે.તેના ઉપલક્ષ્યમાં ૨૨ ડિસેમ્બરને રાષ્ટ્રીય ગણિત દિવસ તથા વર્ષ : ૨૦૧૨ને રાષ્ટ્રીય ગણિત વર્ષ તરીકે જાહેર કરવામાં આવેલ છે.૨૬ ડિસેમ્બર ૨૦૧૧ના રોજ ચેન્નઈમાં આ જાહેરાત કરતાં રામાનુજનની સ્મૃતિમાં વિશેષ ટપાલ ટિકિટ પણ બહાર પાડવામાં આવી છે.


**પત્રવ્યવહાર/પ્રાપ્તિસ્થાન**

**મનીષ સુથાર**
**મદદનીશ શિક્ષક**
**પ્રાથમિક શાળા,સમાદરા.**
**તા.જિ : ખેડા.**
**પિન.૩૮૭૧૨૦**
**મો.૯૦૯૯૧૭૨૧૭૭**
**e-mail:manishsuthar123@gmail.com**


**TO.** **PRINTED METTER**

........................................................

........................................................

........................................................

........................................................

**PIN.** | | | | | | |


**COMPOSED BY:Manish suthar,asst. teacher,prathmik shala samadara,ta & di:kheda**